
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ ધન**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે કાલ સર્પ યોગ છે. આજે ચાંડાલ યોગ છે. આજે રાત્રે સવા વાગે ચંદ્ર ધનમાંથી મકર રાશિમાં સૂર્ય સાથે જશે જે અમાવાસ્યા યોગ કરે છે.**

**મેષ** પ્રબળ ભાગ્ય યોગ કરે છે - પરંતુ શનિની પનોતીના કારણે ફળ ઓછું પ્રાપ્ત થાય. આઠમે શનિ - સાતમે મંગળ ભાગ્યયોગનું ફળ ઓછું કરે છે. સંતાનો તરફથી સુખ પ્રાપ્ત થાય.

**વૃષભ** માતૃ સુખ મળે - કૌટુંબિક સુખ મળે - ભાગીદારો સાથે સંઘર્ષમાં ન ઉતરવું - સમજાવટથી કામ લેવું - મિત્રો સાથે ચર્ચામાં વિવાદ થઈ જાય તેથી ચર્ચાઓ ટાળવી.

**મિથુન** ત્રીજે ગુરુ ને સાતમે બાકીના ત્રણ શુભ ગ્રહોની તમારી રાશિ પર દ્રષ્ટિ તમોને ઉદાર મન રાખવાનું સૂચવે છે. લાભ થશે - વ્યવસાયમાં પ્રગતિ થાય. સંતાનને વિદ્યા પ્રાપ્તિમાં અવરોધ આવે.

**કર્ક** શત્રુઓ શાંત થઈ જશે - એસીડીટીથી પીડાઓ - ધ્યાન રાખીને સંયમથી ચાલવું - વડીલો ને ઉપરીઓ કહે તેમ ચાલશો તો સુખી થશો - નહીં તો વેપારમાં ખોટ જશે.

**સિંહ** રાશિમાં ગુરુને પાંચમે ત્રણ શુભગ્રહો આજે સંતાન - પત્ની તરફથી ખૂબ જ કૌટુંબિક સુખ પ્રાપ્ત થાય તેવું સૂચવે છે - આકસ્મિક ધનલાભનો પણ યોગ છે.

**કન્યા** ચોથે બુધની સાથે શુક્ર - ચંદ્રનો યોગ આજે તમને સુંદર લોકપ્રિયતા પ્રાપ્ત થવાનો યોગ છે - નોકરી ધંધામાં પ્રગતિ થાય - ઉપરી - વડીલોના આશિષ મળે.

**તુલા** ત્રીજે ત્રણ શુભગ્રહો ને લગ્ને મંગળ તમોને આજે મિત્રો - સગાસંબંધીઓ અને કૌટુંબિક સગાઓથી લાભ પ્રાપ્ત થાય તેવું સૂચવે છે - આનંદમાં દિવસ જશે.

**વૃશ્ચિક** રાશિમાં શનિની ખરાબ અસરો બીજે ત્રણ શુભ ગ્રહોની અસરને કારણે શૂન્ય થઈ જાય છે - દસમે ગુરુ ઉન્નતિ કરાવે - ત્રીજે સૂર્ય વડીલો દ્વારા ફાયદો કરાવે.

**ધન** રાશિમાં ત્રણ શુભગ્રહો તથા રાશિપતિ નવમા સ્થાનમાં રહીને રાશિને દ્રષ્ટ કરે છે માટે આજનો દિવસ મંગલમય જશે. આકસ્મિક ધનલાભ થશે.

**મકર** રાશિમાં સૂર્ય તમોને આજે તે જ પ્રતાપી બનાવશે - બારમે શુભગ્રહો ખર્ચ કરાવે - શુભ ખર્ચા - ધાર્મિક ખર્ચા કરાવે - સૌંદર્ય તેમજ ફેશન પાછળ પણ ખર્ચા થાય.

**કુંભ** સાતમે ગુરુ વક્રી હોવા છતાં અગિયારમે શુભ ગ્રહો હોઈ લાભ કરાવે. નોકરી - ધંધામાં આવક વધે - અણધારી આવક થાય - પ્રવાસમાં લાભ થાય - પ્રવાસ થાય.

**મીન** દસમે બુધ - શુક્ર - ચંદ્ર જેવા શુભગ્રહો હોઈ નોકરી - ધંધામાં ઉન્નતિ કરાવે. આર્થિક લાભ કરાવે - પદોન્નતિ કરાવે - અણધારી આવક વધારો કરાવે.

# આમ આદમી પાર્ટીનું ‘ગુજરાત જોડો’ કેમ્પેનીંગ પુરજોશમાં

**૨૮મી ફેબ્રુઆરીએ ગાંધીનગરમાં સભાનું આયોજન : ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨ સીટ પરથી ‘આપ’ના ઉમેદવારો ઉભા રહેશે**

ગાંધીનગર, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં હવે આમ આદમી પાર્ટી પુરી તૈયારીઓ સાથે તમામ ૧૮૨ સીટ પરથી લડવા માટે સજ્જ થઈ રહી છે. જે અંતર્ગત પાર્ટી દ્વારા ‘ગુજરાત જોડો’ કેમ્પેનીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. બે મહિનામાં બાવન જાહેરસભાઓ કરવાનું આયોજન થઈ ચુક્યુ છે. જે પૈકી કચ્છ, આણંદ, રાજકોટ, બરોડા, મહેસાણા અને સુરતમાં જાહેર સભા થઈ ગઈ અને હવે ૨૮ ફેબ્રુઆરીએ ગાંધીનગરમાં જાહેરસભા થનાર છે. પુરજોશમાં આમ આદમી પાર્ટીના થઈ રહેલા કેમ્પેનીંગથી અન્ય પક્ષો ચિંતામાં મુકાઈ ગયા છે. નોંધનીય બાબત છે કે તમામ બાવન જાહેરસભા થઈ ગયા બાદ એક મહાસભાનું આયોજન કરવામાં આવશે. જે મહાસભાને અરવિંદ કેજરીવાલ સંબોધશે..!

‘ગુજરાત જોડો’ કેમ્પેનીંગ અંતર્ગત ગાંધીનગર ખાતે ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાનાર સભા માટે સે. ૬ના મેદાનમાં સભા કરવા દેવા મંજુરી માંગવામાં આવી છે. આ સભામાં દિલ્હીથી ‘આપ’ના પ્રભારી ગુલાલસિંહ યાદવ સહિતના નેતાઓ ઉપરાંત સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખ કનુભાઈ કલસરીયા, ઉત્તર ગુજરાતના પ્રભારી હસમુખભાઈ પટેલ સહીતના નેતાઓ હાજર રહેશે. ગુજરાતમાંથી નિર્વીવાદીત તથા સાચા અર્થમાં પ્રજાની સેવા કરતા હોય તેવા ૧૮૨ ઉમેદવારોની શોધ ચાલુ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૭માં આવનારી વિધાનસભાની ચૂંટણીમાં આપ આદમી પાર્ટીના ૧૮૨ ઉમેદવારો ઉમેદવારી નોંધાવશે અને રાજનૈતિક બદલાવ લાવશે તેમ હસમુખભાઈ પટેલે જણાવ્યું છે.




## ડભોડા ખાતે વિશ્વ કેન્સર દિન ઉજવાયો

તાલુકાના ડભોડા ખાતે વિશ્વ કેન્સર દિનની ઉજવણી નિમિત્તે ગામની પ્રાથમિક શાળા અને નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા જનજાગૃતિ અંગે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જનજાગૃતિ રેલીમાં ગામના બાળકોએ કેન્સર અંગેના બેનરો સાથે સુત્રોચ્ચાર કર્યા હતા. આ રેલીમાં ‘કેન્સર થી ડરે તે મરે, જાણે તે જીતે’ જેવા સૂત્રોના ઉચ્ચાર સાથે મોટી સંખ્યામાં બાળકો જોડાયા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

### બસ નદીમાં ખાબકતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ હતી. નદીમાં ખાબકી ગયેલી બસને બહાર કાઢવાના મોડીરાત સુધી પ્રયાસો જારી રહ્યા હતા. બીજી બાજુ તમામ સંબંધિત અધિકારીઓ બચાવ અને રાહત કામગીરી ઉપર નજર રાખવા માટે ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક પોલીસ અને બચાવ ટુકડી પણ ઘટનાસ્થળે પહોંચી હતી. બસમાં મોટી સંખ્યામાં મુસાફરો હતા. રાજ્ય પરિવહન નિગમની આ બસ દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ આમા મૃત્યુપામેલાઓમાં ડ્રાઈવર અને કંડક્ટરનો સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતી મુજબ ઝડપથી દોડી રહેલી આ બસના ડ્રાઈવરે કાબૂ ગુમાવતા બસ રેલિંગ તોડીને નદીમાં ખાબકી ગઈ હતી. તાપી જિલ્લાના ઉકાઈ ગામથી ઉપડેલી એસટીની આ બસ નવસારી જિલ્લાના સુપા ગામ નજીકથી પૂર્ણા નદી પર આવેલા ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. નવસારી જિલ્લાના ફાયરબ્રિગેડના જવાનો, વહીવટી અધિકારીઓ પહોંચી ગયા હતા. તમામ એમ્બ્યુલન્સને પણ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. બચાવ અને રાહત કામગીરી માટે નવસારી, મરોલી, ગણદેવી, બારડોલીથી પણ એમ્બ્યુલન્સો પહોંચી હતી. નવસારીથી ૧૦ કિલોમીટરના અંતરે આવેલા સુપા ગામમાં બનેલા બનાવથી ચકચાર મચી ગઈ હતી. એસટી બસ જીજે-૧૮-વાય-૪૭૪૩ને અકસ્માત નડ્યો હતો.

### ટીમની જાહેરાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય ક્રિકેટ ચાહકો અને ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ માટે આજે મોટો દિવસ રહ્યો હતો. ધારણા પ્રમાણે જ હાલમાં ઓસ્ટ્રેલિયા સામે ૩-૦થી ઐતિહાસિક જીત મેળવનાર ટીમમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા નથી. સંદીપ પાટિલના નેતૃત્વમાં રાષ્ટ્રીય પસંદગી પેનલની બેઠક આજે દિલ્હીમાં મળી હતી. ભારતીય ટીમ ૯મી ફેબ્રુઆરીથી શ્રીલંકા સામે ઘરઆંગણે ત્રણ મેચોની ટ્વેન્ટી શ્રેણી રમશે ત્યારબાદ આઈસીસી ટ્વેન્ટી વર્લ્ડકપ રમાશે. એશિયા કપનું આયોજન ૨૪મી ફેબ્રુઆરીથી ૬ઠ્ઠી માર્ચ દરમિયાન કરવામાં આવ્યું છે જેમાં ચાર ટીમો રહેશે. એક ક્વોલીફાઈડ ટીમ રહેશે. આનુ આયોજન ૧૯મી ફેબ્રુઆરીથી કરવામાં આવશે. ભારત મિરપુરમાં ટુર્નામેન્ટની પ્રારંભિક મેચમાં બાંગ્લાદેશ સામે ટકરાશે.

ભારતીય ટીમ : ધોની (કેપ્ટન), રોહિત શર્મા, શિખર ધવન, વિરાટ કોહલી, સુરેશ રૈના, યુવરાજસિંહ, રવિન્દ્ર જાડેજા, આશિષ નેહરા, રવિચંદ્ર અશ્વિન, રહાણે, હાર્દિક પંડ્યા, જસપ્રિત બુમરાહ, પવન નેગી, હરભજનસિંહ અને મોહમ્મદ સામી

### યોજનાનો લાભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર મેડીકલ કોલેજના સંકુલનું નિર્માણ કાર્ય ફેબ્રુઆરી ૨૦૧૧માં શરૂ થયું હતું તો વર્તમાન ડીન ડૉ. અરૂણ વ્યાસે પણ ફેબ્રુઆરી માસમાં જ તેમના હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો.

આ કોલેજનું વાર્ષિક પરિણામ પણ શ્રેષ્ઠ આવતાં કોલેજે ચાર વર્ષમાં જ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. આ ફેબ્રુઆરી મહિમામાં જ કોલેજના ૫૦ ટકા જેટલા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો સીધો લાભ મળ્યો છે. તાજેતરમાં ગાંધીનગર ટાઉનહોલમાં કાર્યક્રમ દરમ્યાન કોલેજના ચાર વિદ્યાર્થીઓને ચેક અપાયા હતા જ્યારે અન્ય વિદ્યાર્થીઓને સહાયના નાણાં કોલેજને મોકલી અપાયા છે.

આ યોજના માટે આવકનું માપદંડ પણ રાખવામાં આવ્યાનું જાણવા મળેલ છે. મુખ્યમંત્રીશ્રીની યોજનાનો સીધો લાભ વિદ્યાર્થીઓને થતાં શિક્ષણ જગતમાં ખુશીની લ્હેર જોવા મળી રહી છે.

કોલેજના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કોલેજના વિદ્યાર્થીઓએ આ અંગે રજુ કરેલી વિગતો સાથેના ફોર્મ સરકારમાં મોકલાયા હતા અને તેનો લાભ વિદ્યાર્થીઓને મળ્યો છે.

### સ્વાઈન ફ્લુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે પાંચ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.જેમાં એક નવ મહિનાની બાળકીનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં સતત હવામાનમાં થઈ રહેલા બદલાવને કારણે આ વખતે સ્વાઈન-ફ્લુના કેસો થવાની ચેતવણી તંત્રએ અગાઉ પણ વ્યક્ત કરી હતી. તેમજ તાજેતરમાં તબીબી અધિકારીઓની સમીક્ષા બેઠકમાં પણ આ અંગે સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે તાકીદ કરાઈ હતી જે ઉલ્લેખનીય છે.

# યુવા ઉદ્યોગકારોને પ્રેરિત કરવા સ્ટાર્ટઅપ મિશન હવે શરૂ થશે

**આનંદીબેનના નેતૃત્વમાં એમએસએમઈ બોર્ડની બેઠક : અંતે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કન્સેન્ટ ટૂ એસ્ટાબ્લિશની અવધિ પાંચથી વધારીને સાત વર્ષ કરાઈ**



અમદાવાદ, તા.૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને મળેલી સુક્ષ્મ લઘુ મધ્યમ કદના ઊદ્યોગો એમએસએમઈ સલાહકાર બોર્ડની બેઠકમાં આ ઊદ્યોગોને વ્યાપક સ્તરે મદદરૂપ થવા પ્રોત્સાહિત કરવા ચાર મહાનગરોમાં પ્રાદેશિક ફેસીલીટેશન ડેસ્કનું મુખ્યમંત્રીના હસ્તે લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં કાર્યરત થઈ રહેલા ડેસ્ક અદ્યતન સુવિધાથી સજજ બનાવવામાં આવ્યા છે. આ ડેસ્ક રોકાણ કરવા ઈચ્છુકોને માર્ગદર્શન રાજ્ય કેન્દ્ર સરકારની બહુવિધ યોજનાઓની જાણકારી નાણા ધિરાણ સહાય ઉપલબ્ધિ માટેની ચેનલ્સ તથા માર્કેટ લિન્કેજ માટે સહાયક બનશે. એટલું જ નહિ નોલેજ સપોર્ટની વ્યવસ્થા તહેત રાજયની વર્તમાન નિતિઓ યોજનાઓ અંગે બ્રોશર્સ, પુસ્તીકાના માધ્યમથી વિસ્તૃત વિગતો અને ઓનલાઈન રજીસ્ટ્રેશન ફેસેલીટી માટે ઈ પોર્ટલની સહાયતા પણ ઉપલબ્ધ બનશે. મુખ્યમંત્રીએ બેઠકમાં જણાવ્યું કે, રાજયના ઔદ્યોગિક વિકાસમાં જેટલું મોટા ઊદ્યોગોનું યોગદાન છે. તેટલો જ ફાળો એમએસએમઈનો છે. રાજયમાં ૬ લાખથી વધુ એમએસએમઈ રજીસ્ટર્ડ છે. તે રાજયમાં અંદાજીત ૩૯ લાખ જેટલા લોકોને રોજગારી પુરી પાડે છે. નાના અને મધ્યમ ઊદ્યોગો ગુજરાતના ઔદ્યોગિક વિકાસની કરોડરજ્જુ સમાન છે અને રાજય સરકાર આ ઊદ્યોગોને મદદ કરવા અને વધુ સક્ષમ બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. મોટા ઊદ્યોગોની સાથે લઘુ ઉદ્યોગોનો વિકાસ પણ અત્યંત આવશ્યક છે, તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે લઘુ ઊદ્યોગ ક્ષેત્રના વિકાસની આવશ્યકતા ધ્યાને લેતા રાજયમાં એમએસએમઈ સલાહકાર બોર્ડના માધ્યમથી આ ઊદ્યોગોની સમસ્યાઓ પ્રશ્નોના સુચારૂ ત્વરિત નિવારણની પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

# નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક રશ્મિનભાઈ મહેતાનું દુઃખદ અવસાન

ગુજરાતના જાણીતા લેખક અને સાહિત્યકાર તથા વર્ષો સુધી ‘ગાંધીનગર સમાચાર’માં નિયમિત કોલમ તથા લેખો લખનાર શ્રી રશ્મિભાઈ મહેતાનું આજે ગાંધીનગર (અપોલો હોસ્પિટલ) ખાતે નિધન થયું છે. ૧૯૩૩માં



જન્મેલા શ્રી રશ્મિભાઈએ ૮૩ વર્ષ સુધી અનેકવિધ વિષયો પર લખ્યુ છે. ૩૦ થી વધુ પુસ્તકોના લેખક રશ્મિનભાઈ મહેતાએ બાળ સાહિત્ય, વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન તથા અનેક વિષયો પર સર્જન કર્યું છે.

ગુજરાત સમાચાર, સંદેશ જેવા અખબારોમાં પત્રકાર તથા સંપાદક તરીકે કારકિર્દી શરૂ કરનાર શ્રી રશ્મિનભાઈ ૧૯૫૫માં ગુજરાત સરકાર સાથે જોડાયા હતા. માહિતી વિભાગમાં જોઈન્ટ ડાયરેક્ટર, મુખ્યમંત્રીના પી.આર.ઓ. તથા રાજ્યપાલશ્રીના સચિવ તરીકે તેમણે સરાહનીય કામગીરી બજાવી હતી. તેમણે નિવૃત્તી પછી પણ લેખનકાર્ય ચાલુ રાખ્યુ હતુ. જેમાં ‘જ્ઞાન-જિજ્ઞાસા’ શ્રેણીમાં જ લગભગ ૮ જેટલા પુસ્તકો પ્રગટ થયા હતા.

‘ગાંધીનગર સમાચાર’ના પ્રારંભથી એક શુભેચ્છક અને સહયોગી તરીકે તેમણે રચનાત્મક ભૂમિકા ભજવી હતી. તેઓના અગ્નિસંસ્કાર આજે સરગાસણ રૂદ્ર ભૂમિ, રીંગ રોડ ખાતે ૮.૩૦ કલાકે કરવામાં આવશે. શ્રી રશ્મિનભાઈના આત્માની શાંતિ માટે આજે સાંજે ૫ થી ૬ દરમ્યાન સેક્ટર-૭માં સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ ખાતે પ્રાર્થના સભા યોજવામાં આવી છે.

## ચિલોડા પ્રાથમિક શાળામાં જૂની ચિકિત્સા પદ્ધતિ અંગેનો કાર્યક્રમ યોજાયો

ચિલોડા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને જૂની ચિકિત્સા પદ્ધતિ અંગે માહિતગાર કરવા એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દરમ્યાન વિદ્યાર્થીઓને ઘરગથ્થુ તેમજ રસોડા ઔષધ સહિતની બાબતો અંગે જાણકારી પુરી પાડવામાં આવી હતી. ચિલોડા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને જુની ચિકિત્સા પદ્ધતિ અંગે જાગૃત કરવા જિલ્લા આરોગ્ય અધિકારીએ તુલસી, બીલી, અરડૂસી ઉપરાંત રસોડાના ઔષધો અંગે ઉપચારાત્મક માહિતી પુરી પાડી હતી. આ દરમ્યાન આયુર્વેદ માહિતી પુસ્તિકાનું પણ વાંચન કરવામાં આવ્યું હતું.

## કંપની સમાચાર

### પાવરફૂલ મોટિવેશનલ સ્પીકર કુલિન દેસાઈનું પુસ્તક ‘બીલિવ એન્ડ એચિવ’ લોંચ થયું

પાવરફૂલ મોટિવેશનલ સ્પીકર અને ટ્રાન્સફોર્મેશનલ ટ્રેનિંગ એક્ષ્પર્ટ શ્રી કુલિન દેસાઈએ લોકોને તેમની અંદર રહેલી ઉદ્યોગસાહસિકતાની કુશળતાઓ વિકસાવવા માટે પ્રેરિત કરવા અને તેમના ઉદ્યોગસાહસની સફળ શરૂઆત કરવા તેમજ આ સફળતા જાળવી રાખવા મદદ કરવા ‘બિલીવ એન્ડ એચિવ’ નામનું પુસ્તક લોંચ કર્યું છે. જેનું પ્રકાશન વિત્ઝાર ઈન્ટરનેશનલે કર્યુ છે. તેમણે સેંકડો લોકોને નાણાંકીય રીતે સ્વનિર્ભર બનાવવા અને ડઝન જેટલા ઉદ્યોગસાહસિકોને મલ્ટિ-મિલિયોનેર બનાવવામાં મદદ કરી છે.

આ પુસ્તક તમને બ્રહ્માંડના ચાર સૌથી મહત્વપૂર્ણ અને અસરકારક નિયમોનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું વ્યવહારિક અને સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરે છે. આ ચાર નિયમો છે : વિશ્વાસનો નિયમ, અપેક્ષાનો નિયમ, કલ્પના કે ધારણાનો નિયમ અને આકર્ષણનો નિયમ. આ નિયમો કોઈ પણ વ્યક્તિમાં આત્મવિશ્વાસ જગાવી શકે છે.

શ્રી કુલિન દેસાઈ વૈશ્વિક બિઝનેસ લીડર, સફળ ઉદ્યોગસાહસિક, પ્રસિદ્ધ સ્પીકર અને માર્ગદર્શક છે, જેમણે વિશ્વમાં અનેક લોકોના જીવનમાં પરિવર્તન લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. શ્રી દેસાઈએ સાર્વત્રિક નિયમો કેવી રીતે આત્મવિશ્વાસ જગાવી શકે છે. જેના પરિણામે વ્યક્તિને જીવનના તમામ ક્ષેત્રોમાં સફળતા મળે છે. શ્રી કુલિન દેસાઈ વ્યક્તિઓની કુશળતા વિકસાવી અને ઉદ્યોગસાહસિકતાનું માર્ગદર્શન અને તાલીમ આપીને તેમને સશક્ત બનાવવાનો ઉદ્દેશ ધરાવતી બિનસરકારી સંસ્થા (એનજીઓ) ગ્લોબલ સકસેસ ફાઉન્ડેશનમાં માનદ સલાહકાર છે. તેઓ આ વિશ્વને બદલવામાં અને જીવવા માટે વધુ સારૂ સ્થાન બનાવવામાં માનવીય શક્તિમાં વિશ્વાસ ધરાવે છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

NGF Gujarat State Non-Resident Gujaratis' Foundation

## ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન

સરનામુ : બ્લોક નં.૧૬, ૩જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નં. ૯૧-૦૭૯-૨૩૨૩૮૨૭૮, ૨૩૨ ૩૮૨૮૦, ફેક્સ : ૦૭૯-૨૩૨૫૧૩૧૨
Email : nrgfoundation.yahoo.co.in Web site : www.nri.gujarat.gov.in

### જાહેર નિવિદા

### કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

અત્રેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ - સફાઈ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો / ટપાલો પહોંચડવાની સેવા સહિતની સમગ્રતયા કામગીરી ‘કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા’ પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ - અલગ કવરમાં મંગાવવામાં આવે છે. (અંદાજીત બે વ્યક્તિની જરૂરિયાત છે.) ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીની વેબસાઈટ www.nri.gujarat.gov.in ઉપરથી મેળવી લેવાના રહેશે.

ભાવપત્રક અત્રેની કચેરીને તા. ૧૨/૨/૨૦૧૬ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ ટપાલથી મોકલવાના રહેશે.

રજૂ થયેલ ટેન્ડર ફોર્મ તા. ૧૫/૨/૨૦૧૬ના રોજ બપોરના ૧૫.૦૦ કલાકે ખોલવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૪/૨/૨૦૧૬

નિયામક
ગુજરાત રાજ્ય બિ.નિ.ગુ. પ્રતિષ્ઠાન
ગાંધીનગર